# વૈકલ્પિક દૂધ કાયદો - સૌ કોઈ ને જણાવીએ

## જાગતિક સ્તનપાન સપ્તાહ

## ઑગસ્ટ ૧ થી ૭, ૨૦૦૬

દર વરસે ઑગસ્ટ માસનું પ્રથમ અઠવાડિયું જાગતિક સ્તનપાન સપ્તાહ તરીકે ઉજવવામાં આવે છે જે દરમ્યાન સ્તનપાન સંબંધિત કોઈ મહત્વના પાસા તરફ ધ્યાન કેન્દ્રીત કરવા માટે એક સૂત્ર નક્કી કરવામાં આવે છે. આ વરસનું સૂત્ર છે: " વૈકલ્પિક દૂધ કાયદો - સૌ કોઈને જણાવીએ "

**વૈકલ્પિક દૂધ, દૂધની બાટલીઓ અને બાલ આહાર ( ઉત્પાદન , પૂરવઠો અને વિતરણનું નિયમન ) અંગેનો સુધારેલો કાયદો - ૨૦૦૩**

આપણા દેશમાં દર વર્ષે ૨૫ લાખ બાળકો ૫ વર્ષથી નાની ઉમ્મરમાં મૃત્યુ પામે છે. તેમાંથી અડધા મૃત્યુ માટે સીધી કે આડકતરી રીતે કુપોષણ જવાબદાર હોય છે. પહેલાં છ માસ સુધી બાળક માટે ધાવણ એ અનૂકુળ, પોષક, સંરક્ષક અને સમ્પૂર્ણ એવો સર્વોતમ ખોરાક છે. જો દરેક માતા બાળકને ધવડાવશે તો દર વર્ષે ૩-૪ લાખ બાળકો ના જીવ બચાવી શકાય. તેથી જ વિશ્વ આરોગ્ય સભાએ ૬ મહિના પૂરા થાય ત્યાં સુધી બાળકને ધાવણ સિવાય બીજું કશું ન પીવડાવવાની અને સાતમાં મહિનેથી ધાવણની સાથે સાથે પૂરક આહાર શરૂ કરાવવાની ભલામણ કરી છે.

૨૦મી શતાબ્દીમાં ઔદ્યોગિક ક્રાંતિ અને બે મહાયુદ્ધના કારણે માતાઓને નોકરી કરવાનું અનિવાર્ય બન્યુ અને બાળકોને બહારનું દૂધ પીવડાવવાની પ્રથા શરૂ થઈ. દૂધ પાવડર અને બાળઆહાર બનાવતી કંપનીઓનો આક્રમક પ્રચાર અને લલચાવનારી જાહેરાતોને કારણે અનેક માતાઓ " પાવડરના દૂધ થી અને બાળઆહારના ડબ્બાઓથી બાળક તંદુરસ્ત અને સોહામણું બને છે" એવી ભ્રામક માન્યતામાં ભરમાઈ ગયા. ખરેખરતો નાનપણમાં બહારનું દૂધ પીધેલ બાળકોમાં ઝાડા, ઊલટી, નિમોનિયા, એલરજી ( ખરજવાં, દમ ) જેવી બીમારી અને મોટી ઉમ્મરે મેદવૃદ્ધિ, લોહી દબાણ, મધુમેહ અને હૃદયની બીમારીઓ વધારે પ્રમાણમાં થતી હોય છે.

દૂધ પાવડર, દૂધ પીવડાવા માટેની બાટલીઓ અને બાળઆહારના અપપ્રચાર થી બાળઆરોગ્યને થતી હાની રોકવાં માટે ભારત સરકારે ૧૯૯૨ માં આ કાયદો ઘડી કાઢ્યો અને તેમાં રહી ગયેલી ત્રુટીઓ ૨૦૦૩ માં સુધારો કરી દૂર કરી.

**કંપનીઓની કરામત**

જ્યારે માતાનું ધાવણ ઉપલબ્ધ ન હોય ત્યારે જ બાળકને બીજું ( વૈકલ્પિક ) દૂધ પીવડાવવું જોઈએ. તેમજ ઘરમાં તાજો ખોરાક બનતો હોય ત્યારે બાળકને અનુકુળ એવો ઘરે બનાવેલો તાજો ખોરાક ખવડાવવો જોઈએ, નહી કે ફેક્ટરીમાં બનાવેલ ડબ્બાનો વાસી ખોરાક.

છતાં દૂધ પાવડર અને બાલ આહાર બનાવતી કંપનીઓ પોતાનો નફો વધારવા માટે માતાઓ અને આરોગ્ય કર્મચારીઓને ખોટે રસ્તે દોરી જતા હતા. કંપનીઓ દ્વારા માલનું વેચાણ વધે તે હેતુથી અનેક કરામતો કરાતી હતી. થોડા દાખલા આગળ આપ્યા છે.

⇒ છાપામાં, માસિકોમાં, સિનેમાગૃહોમાં, રેડિયો ઉપર તેમજ ટી.વી.માં તંદુરસ્ત, સોહામણા બાળકોની છબી સાથે જાહેરાતો આપવામાં આવતી, જેથી લોકોને લાગે કે ડબ્બાનું દૂધ / ખોરાક ખાઇને તેમનું બાળક એવુંજ તંદુરસ્ત બનશે.

⇒ સુવાવડી માતાઓને દવાખાનામાં પાવડરનું દૂધ બનાવતા શીખવાડીને, દૂધ પાવડરના ડબ્બાનું ઓછા દરે વેચાણ કરતા હતા.

⇒ તંદુરસ્ત બાળકોના ફોટા સાથે દૂધ પાવડર અને બાળઆહારની જાહેરાતો છાપેલાં કેલેન્ડરો, બાલ વિકાસ અને રસીકરણની નોંધપોથી તેમજ બાળકના માવજત વિશેની પુસ્તિકાઓ ડોકટરો તેમજ માતાઓને ભેટ આપવામાં આવતી હતી.

⇒ પ્રસુતી ગૃહોમાં આકર્ષક પોસ્ટર્સ મૂકવામાં આવતા હતા તેમજ દૂધના પાવડરના ડબ્બાઓનો પૂરવઠો ઓછા દરે ઉપલબ્ધ કરાતો હતો. ડોકટરોને સેમ્પલો અને અન્ય ભેટવસ્તુઓ પણ આપવામાં આવતી.

⇒ ડોકટરોને કંપનીના ખર્ચે કોન્ફરન્સ અને પિકનિક માટે લઈ જવામાં આવતાં. તેમજ સંસ્થાઓએ આયોજીત કરેલા કોન્ફરન્સ અને અન્ય શૈક્ષણિક કાર્યક્રમો કંપનીઓ દ્વારા પ્રાયોજીત કરાતાં હતા.

⇒ વિક્રેતાઓને માલનું વેચાણ ધ્યાનમાં લઈને વધારે કમિશન આપવામાં આવતું હતું.

આવી કરામતો ને લીધે બાળ આરોગ્યને હાની ના પહોંચે તે માટે સરકારે કાયદો ઘડયો.

## કાયદા હેઠળ પ્રતિબંધિત પ્રવૃત્તિઓ

❖ કોઈપણ પ્રસાર માધ્યમ મારફતે દૂધ પાવડર, બાળ આહાર અને દૂધ પીવડાવવાની બાટલીઓ ની જાહેરાત કર નહી.

❖ બે વર્ષથી નાના બાળકોમાં દૂધ પાવડર, બાળ આહાર અને દૂધ પીવડાવવાની બાટલીઓના વપરાશ માટે સી કે આડકતરી રીતે પ્રચાર કરવો નહી.

❖ દૂધ પાવડર, બાળ આહાર અને દૂધ પીવડાવવાની બાટલીઓ ખરીદવા અને વાપરવા માટે કોઇને પ્રોત્સાહન આપ નહી.

❖ દૂધ પાવડર, બાળ આહાર અને દૂધ પીવડાવવાની બાટલીઓના નમુના ( સેમ્પલ ) વહેચવા નહી .

❖ દૂધ પાવડર, બાળ આહાર અને દૂધ પીવડાવવાની બાટલીઓનું વેચાણ વધે તે હેતુથી કોઇને ઈનામ આપવું નહ

❖ દૂધ પાવડર, બાળ આહાર અને દૂધ પીવડાવવાની બાટલીઓનું મફત વિતરણ કરવુ નહી તેમજ દાન તરીકે આપવ નહી.

❖ દૂધ પાવડર, બાળ આહાર અને દૂધ પીવડાવવાની બાટલીઓ સંબંધીત માહિતી અથવા શૈક્ષણિક સાધનો વહેંચવ નહી.

* બાળક કે માતાના ફોટા દૂધ પાવડર, બાળ આહાર તેમજ દૂધ પીવડાવવાની બાટલીઓના લેબલ, ખોખા, માહિતી પત્રકો, પોસ્ટરો, જાહેરાતો, વિ. ઉપર છાપવા નહી.

* આરોગ્ય સેવાઓ ( ડોકટરો, અન્ય આરોગ્ય કર્મચારીઓ, દવાખાનાં, દવાની દુકાનો, વિ. ) મારફતે દૂધ પાવડર, બાળ આહાર, અને દૂધ પીવડાવવાની બાટલીઓનો પ્રચાર કરવો નહી.

* દવાખાનામાં અને દવાની દુકાનોમાં માહિતી અને પ્રચારના પોસ્ટરો, કેલેન્ડરો, પુસ્તકો તેમજ દૂધ પાવડર તેમજ બાળ આહારના ડબ્બાઓ અને દૂધ પીવડાવવાની બાટલીઓનો પ્રચાર કરવો નહી.

* પાવડરનું દૂધ કેવી રીતે બનાવવું, બાળકને બાટલીથી દૂધ કેવી રીતે પીવડાવવું , બાળ આહારનો પાવડર વાપરીને બાળક માટે ખોરાક કેવી રીતે બનાવવો વિ. ની રીત માતા અથવા કુંટુબીજનોને બતાવવી નહી. કોઇ બાળક માટે જરૂરી હોય તો ડોકટરે કે નર્સે બતાવવી - કંપની વાળાએ નહી.

* શાસ્ત્રીય સભા, સંમેલન, સંશોધન વિ. માટે આરોગ્ય સંસ્થાઓ, ડોકટરો તેમજ અન્ય વ્યાવસાયિક લોકોને પુરસ્કૃત કરવા નહી.

* કોઇ સંજોગોમાં દૂધ પાવડર, બાળ આહાર અથવા દૂધ પીવડાવવાની બાટલીઓ વાપર્યા હોય તો તે માટે આરોગ્ય કર્મચારી ને ઇનામ આપવું નહી.

* આરોગ્ય કર્મચારીઓ તેમજ તેમના કુંટુબીજનોને કોઇપણ જાતનું ઇનામ કે ભેટ વસ્તુ આપવી નહી.

* આરોગ્ય કર્મચારીઓ કે તેમની સંસ્થાઓને નાણાંકીય ફાળો કે સહાય આપવી નહી.

* કંપનીના નોકરોનો પગાર " માલ " ના વેચાણના આધારે નક્કી કરવો નહી.

**આ કાયદાનું ઉલ્લંઘન એ દખલપાત્ર અને જામીનપાત્ર ગુનો બને છે.**

**જે માટે રૂા. ૫૦૦૦ સુધીનો દંડ અથવા ત્રણ વર્ષ સુધી કેદ**

**અથવા બંને સજા થઇ શકે છે.**

## કાયદાના અમલ માટે સૌનો સહકાર

કાયદો હોવા છતાં દૂધ પાવડર અને બાલ આહારના ડબ્બાઓનો પ્રચાર અંદરખાને થતો હોય છે. કાયદાનો અમલ યોગ્ય અને સંપૂર્ણ પણે થાય તે માટે સૌ કોઇ સજાગ રહી સહકાર આપે તે જરૂરી તેમજ અગત્યનું છે.

જો આ કાયદાનું ઉલ્લંઘન થતું જણાય તો કોઇપણ વ્યકિત આગળ જણાવેલ સરનામે લેખીત જાણ કરે.

આગળની કાર્યવાહીની ઝંઝટ માહિતી આપનારના માથે રહેતી નથી.

જો આપને કાયદાનું કોઈપણ જાતનું ઉલ્લંઘન થતું જણાતું હોય તો નીચેના સરનામે જાણ કરવી

1. Central Social Welfare Board (CSWB)
   Samaj Kalyan Bhavan, B - 12, Tara Cresent, Insstitutional Area,
   South of IIT, New Delhi - 110016

2. Indian Council for Child Welfare, (ICCW)
   4, Deen Dayal Upadhyaya Marg, New Delhi - 110002

3. Association for Consumer Action on Safety and Health (ACASH )
   Room No.21, Lawyer's Chambers, R. S. Sapre Marg, Mumbai-400002

4. Breastfeeding Promotion Network of India ( BPNI )
   BP-33, Pitampura, Delhi- 400034

**ધ્યાનમાં રાખો**

**બાળકને છ મહિના પૂરા થતાં સુધી ધાવણ સિવાય બીજું કશું પીવડાવશો નહી.**

**છ મહિના પૂરા થાય પછી પૂરક ખોરાક ચાલુ કરો પરંતુ ધાવણ બંધ કરશો નહી.**

**બે વર્ષ સુધી કે તેથી પણ વધારે સમય માટે ધાવણ ચાલુ રાખો.**

---

**(ભારતીય સ્તનપાન પ્રસાર કાર્યજાલ, વડોદરા જિલ્લા શાખા તરફથી પ્રકાશિત)**

**From Breastfeeding Promotion Network Of India, Vadodara Dist. Branch.**

**For more information, please contact :**
BREASTFEEDING PROMOTION NETWORK OF INDIA ( BPNI )
BP- 33, Pitampura, Delhi- 110088 ( INDIA )
Tel : + 91-11-7443445, Tel / Fax : + 91-11-7219606
Email : bpni@bpni.org. Website : http://www-bpni,org

Dr. Arun Phatak
BPNI Gujarat State Coordination
K.G.P. Children Hospital, Karelibaug, Vadodara- 390018.
Tel -91-265-2420587,/ 2463906
Email : atphatak@satyam.net.in